નિવૃત્ત/મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની
મહત્તમ મર્યાદામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
પરિપત્ર ક્રમાંક : OW/PSN/ગ્રેજ્યુઈટી/2025/૨૨૭૮
ડૉ. જે.એમ.ભવન, ગુ.રા., ગાંધીનગર.
તા. ૧૮/૦૬/૨૦૨૫.

<u>પરિપત્ર:</u>

સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૧૫/૧૦/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: PGR-102016-7-Pay Cell થી થયેલ ઠરાવ અન્વયે કેન્દ્રિય સાતમાં પગારપંચની ભલામણો તથા કેન્દ્ર સરકારશ્રીના તા. ૨૫/૦૭/૨૦૧૬ ના ઠરાવ અને જાહેરનામાંને ધ્યાને લઈ રાજ્ય સરકારશ્રી દ્વારા સાતમાં પગારપંચના પગાર સુધારણા અન્વયે તા. ૦૧/૦૧/૨૦૧૬ કે ત્યારબાદ નિવૃત્ત થયેલ/અવસાન પામેલ કર્મચારીશ્રીઓને પેન્શન બાંધણી/સુધારણા કે અન્ય નિવૃત્તિ લાભો અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

સદરહું ઠરાવના પેરા – ૬ માં " નિવૃત્ત/મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટી" ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના ક્લોઝ (૨) માં નીચે મુજબ જણાવેલ છે:

**" નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહતમ મર્યાદા ૨૦.૦૦ લાખ રહેશે. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) ના નિયમો, ૨૦૦૨ ના નિયમ – ૮૧ તથા નાણાં વિભાગના તા. ૧૩/૦૪/૨૦૦૯ ના ઠરાવની જોગવાઈઓ ઉક્ત ઠરાવની જોગવાઈઓ મુજબ વિસ્તરેલી રહેશે. "**

પરંતુ સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૩૦/૧૧/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/ઓ-૪૬૧/પગાર એકમ (પી) ના ઠરાવથી, ભારત સરકારશ્રીના તા. ૩૦/૦૫/૨૦૨૪ ના ઓફીસ મેમોરેન્ડમથી સાતમાં કેન્દ્રિય પગારપંચની ભલામણો અન્વયે તા. ૦૧/૦૧/૨૦૨૪ થી નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં ૨૫% નો વધારો કરીને રૂ!. ૨૫.૦૦ લાખ કરેલ છે. **વધુમાં, સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૧૫/૧૦/૨૦૧૬ ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રાખેલ છે.**

જેથી અત્રેની કચેરી હસ્તકની બિન સરકારી અનુદાનિત કોલેજો (તમામ), ગ્રામ વિદ્યાપીઠો & સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના જી.પી.એફ. યોજનામાં સમાવિષ્ઠ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ કે જેઓ તા. ૦૧/૦૧/૨૦૨૪ કે ત્યારબાદ નિવૃત્ત/અવસાન પામેલ હોય અને જેઓને રૂ. ૨૦.૦૦ લાખ ગ્રેજ્યુઈટી મળેલ હોય અને તેઓને ૨૫.૦૦ લાખની મર્યાદામાં ગ્રેજ્યુઈટી મળવાપાત્ર થતી હોય તો તેઓની નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદા રૂ!. ૨૦.૦૦ લાખથી વધારીને રૂ!. ૨૫.૦૦ લાખ મુજબ મંજૂર કરવા આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબની દરખાસ્ત તૈયાર કરી અત્રેની પેન્શન શાખા ખાતે રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

**"માન. નિયામકશ્રી દ્વારા નોંધ ઉપર આપેલ મંજૂરી અન્વયે"..**

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ
આચાર્યશ્રી/રજિસ્ટ્રારશ્રી,
બિન સરકારી અનિદાનિત કોલેજો, ગ્રામ વિદ્યાપીઠો અને યુનિવર્સિટીઓ (તમામ).

| ગ્રેજ્યુઈટી રીવાઈઝ કરવા અંગે રજૂ કરવાના થતાં દસ્તાવેજો | | |
|---|---|---|
| ક્રમ | રજૂ કરવાના થતાં દસ્તાવેજો | પેજ નં. |
| ૧ | સંસ્થાનું ફોરવર્ડિંગ. | |
| ૨ | પેન્શન પેપરસેટના પેજ નં. ૦૫ થી ૧૧ ની તમામ વિગત ભરવી. | |
| ૩ | કર્મચારીશ્રીની અસલ અરજી. | |
| ૪ | તમામ પી.પી.ઓ. ની (ફોર્મ – ૧૦) પ્રમાણિત નકલ. | |
| ૫ | મૃત્યુસહ નિવૃત્તિના કિસ્સામાં કર્મચારીશ્રીના મરણ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. | |
| ૬ | અસલ સેવાપોથી. | |
| ૭ | પાકાં પૂંઠાની ફાઈલ ઉપર સામેલ એપેન્ડિક્સ – એ મુજબના નમૂના મુજબની માહિતી ભરી ચોંટાડવું. | |

**નોંધ :** ઉક્ત તમામ દસ્તાવેજો અસલમાં બે (૨) નકલમાં બે અલગ–અલગ ફાઈલમાં તૈયાર કરી રજૂ કરવા.

# એપેન્ડિક્સ – એ

| ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુ.રા., ગાંધીનગર.<br>ગ્રેજ્યુઈટી રીવાઈઝ કરવાના કેસની વિગત |
|---|

ઝોન – ............ ફાઈલ નંબર – .............

| | | |
|---|---|---|
| કર્મચારીશ્રીનું નામ (સેવાપોથીના આધારે) | :- | |
| સંસ્થાનું નામ | :- | |
| જન્મ તારીખ | :- | |
| માસાંત નિવૃત્તિ તારીખ | :- | |
| સત્રાંત નિવૃત્તિ તારીખ | :- | |
| ગ્રેજ્યુઈટી રીવાઈઝ કરવા કર્મચારીશ્રીએ કરેલ અરજી તારીખ | :- | |
| કેસ તૈયાર કરનારનું નામ અને મોબાઈલ નંબર | :- | |
| કેસ ચકાસણી કરનારનું નામ અને મોબાઈલ નંબર | :- | |
| આચાર્યશ્રીનું નામ અને મોબાઈલ નંબર | :- | |
| કર્મચારીશ્રીનું નામ અને મોબાઈલ નંબર | :- | |